પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2023** **Evening : 7.50 to 8.00pm**
**Day : Friday** **National News**

## આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ડાબેરી ઉગ્રવાદને નિયંત્રણમાં લેવામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સફળતા મળી છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 13 અને 14મી ઓકટોબરે દિલ્હીમાં યોજાનારી જી-20ના સંસદીય અધ્યક્ષોની બેઠક – પી-20નું ઉદઘાટન કરશે.
- કેન્દ્રિય ચૂંટણી પંચના સભ્યોએ પાંચ રાજયોમાં યોજાનારી વિધાનસભાની ચુંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજવા પોતાના ચૂંટણી નિરીક્ષકો સાથે ચર્ચા કરી છે.
- ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટ સાડા છ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે.
- રાષ્ટ્રીય માનવાધિકાર પંચે નાંદેડ અને સંભાજી નગરની બે સરકારી હોસ્પિટલોમાં ઘણા દર્દીઓના મૃત્યુના અહેવાલ પર મહારાષ્ટ્ર સરકારને નોટિસ પાઠવી છે.
- ચીનમાં રમાઈ રહેલી હાંગઝોઉ એશિયન ગેમ્સમાં, ભારતે 21 સુવર્ણ, 33 રજત અને 38 કાંસ્ય સહિત કુલ 92 ચંદ્રકો મેળવ્યા છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## AMIT SHAH - LWE MEETING

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ડાબેરી ઉગ્રવાદને નિયંત્રણમાં લેવામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સફળતા મળી છે. અને આ લડત હવે નિર્ણયાક તબક્કામાં પ્રવેશી છે.

તેઓ દિલ્હીમાં ડાબેરી ઉગ્રવાદ અંગેની સમીક્ષા બેઠકના અધ્યપદેથી બોલી રહ્યા હતા. આ બેઠકમાં ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત રાજયોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો. શ્રી શાહે આગામી બે વર્ષમાં ડાબેરી ઉગ્રવાદને નાબૂદ કરવાનો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો. ગૃહમંત્રીએ કહ્યું કે, ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્રિય સશસ્ત્ર પોલીસદળના 195 નવા કેમ્પ સ્થાપવામાં આવ્યા છે અને વધુ 44 કેમ્પ સ્થપાશે.

તેમણે કહ્યું કે, ડાબેરી ઉગ્રવાદીઓને મળતી આર્થિક સહાયને રોકવા રાષ્ટ્રીય તપાસ સંસ્થા અને એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારીઓ બધી જ રાજય સરકારો સાથે મળીને કામગીરી કરી રહ્યા છે.

## P-20 SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 13 અને 14મી ઓકટોબરે દિલ્હીમાં યોજાનારી જી-20ના સંસદીય અધ્યક્ષોની બેઠક – પી-20નું ઉદઘાટન કરશે. બે દિવસ માટેની આ બેઠક દિલ્હીના દ્વારકા ખાતે બંધાયેલા ભારત આંતરરાષ્ટ્રીય સંમેલન અને પ્રદર્શન કેન્દ્ર ખાતે યોજાશે.

પી-20 તરીકે ઓળખાતું જૂથ જી-20 દેશોના સંસદિય અધ્યક્ષોની આગેવાની હેઠળનું જૂથ છે. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક શાસનમાં સંસદિય પરિમાણ લાવવાનો છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાની આ બેઠકમાં 25 અધ્યક્ષો, 10 નાયબ અધ્યક્ષો અને 50 સાંસદો ભાગ લેશે.

આ બેઠકમાં ચાર સત્રો રહેશે. બેઠકનું પ્રથમ સત્ર લોકશાહીની શક્તિ અંગેનું હશે. એ ઉપરાંત આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને ઉર્જા જેવા વિષયો ઉપર સઘન ચર્ચા કરાશે. બેઠકના સ્થળે લોકશાહીની જનની વિષય પર પ્રદર્શન યોજાશે. જેમાં ભારતની પ્રાચીન અને જી-20ના સભ્યદેશોમાં પ્રચલિત લોકશાહી પદ્ધતિઓની માહીતી અપાશે.

## PM - GOREGAON FIRE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે મુંબઈના ગોરેગાંવમાં બનેલી આગની દુર્ઘટનામાં મૃતકના પરિવારને  બે લાખ રૂપિયાની તેમજ ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. શ્રી મોદીએ થયેલ જાનહાનિ પર દુઃખ વ્યક્ત કરતા  એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે સત્તાવાળાઓ અસરગ્રસ્ત લોકોને જરૂરી તમામ સહાય પૂરી પાડી રહ્યા છે અને તેમણે ઘાયલો ઝડપથી સાજા થાય તેવી આશા વ્યક્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે, આજે સવારે મુંબઈમાં પાંચમાળની ઇમારતમાં લાગેલી આગમાં 7 લોકોના મૃત્યુ થયા છે અને 40 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે.

## ECI OBSERVER

કેન્દ્રિય ચૂંટણી પંચના સભ્યોએ પાંચ રાજયોમાં યોજાનારી વિધાનસભાની ચુંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજવાની વ્યૂહરચના ઘડવા પોતાના ચૂંટણી નિરીક્ષકો સાથે ચર્ચા કરી છે.

સામાન્ય પોલીસ અને ચૂંટણી ખર્ચ નિરીક્ષકો રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગણા અને મિઝોરમ વિધાનસભાની આગામી ચૂંટણી દરમ્યાન, આ રાજયોની મુલાકાત લેશે.

આ ત્રણ શ્રેણીના નિરીક્ષકો સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવી તથા બધા જ ઉમેદવારોને એકસમાન તક મળે, બાબત સુનિશ્ચિત કરે છે.

આજે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર, ચૂંટણી કમિશ્નરો અનુપચંદ્ર પાંડે અને અરૂણ ગોયલે, નિરીક્ષકોને સંબોધન કર્યું હતું.

## REV.-MUMBAI-RBI

ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટ સાડા છ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે આજે મુંબઇમાં નાણાંનિતી સમિતિની બેઠક બાદ જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ ડીપોઝીટ ફેસીલીટી રેટ સવા છ ટકા અને બેન્ક રેટ પોણા સાત ટકા રહેશે.

શ્રી દાસે કહ્યું કે, બૃહદ આર્થિક અને નાણાંકિય ઘટનાક્રમને ધ્યાનમાં લઇને નાણાંનીતી સમિતિએ સર્વાનુમતે રેપોરેટ સતત ચોથી વખત યથાવત રાખવાનો નિર્ણય લીધો છે.

આરબીઆઇએ વાસ્તવિક વિકાસદર બીજા ત્રિમાસિક સમયગાળા માટે સાડા છ ટકા, ત્રીજા ત્રિમાસિક સમયગાળા માટે છ ટકા, અને ચોથા ત્રિમાસિક સમયગાળા માટે 5.7 ટકા અંદાજ્યો છે.

## REV. NHRC - MAHARASHTRA

રાષ્ટ્રીય માનવાધિકાર પંચે NHRCએ નાદેડ અને છત્રપતિ સંભાજી નગરની બે સરકારી હોસ્પિટલોમાં ઘણા દર્દીઓના મૃત્યુના અહેવાલ પર મહારાષ્ટ્ર સરકારના અગ્ર સચિવને નોટિસ પાઠવી છે.

NHRCએ ચાર સપ્તાહની અંદર આ મામલે વિગતવાર અહેવાલ મોકલવાનો આદેશ પણ આપ્યો છે. આ અહેવાલમાં ડોકટરો, નર્સો અને અન્ય સ્ટાફની જરૂરી અને વર્તમાન સંખ્યા સાથે હોસ્પિટલના માળખાકીય સુવિધાઓનો તેમજ દર્દીઓ માટે ઉપલબ્ધ દવાઓ અને નિદાન સુવિધાઓની સ્થિતિનો પણ ઉલ્લેખ કરવાનું આ નોટિસમાં જણાવાયું છે.

NHRCએ જવાબદાર જાહેર સેવકો સામે કરાયેલી કાર્યવાહી તેમજ પીડિત પરિવારોને આપવામાં આવેલી રાહત અને પુનર્વસનની સહાય વિશે પણ માહિતી માંગી છે. આ ઉપરાંત આ પ્રકારના બનાવો ફરીથી ન બને તે માટે સરકારે શા પગલાં લીધાં છે તેની માહીતી આપવાનો નિર્દેશ પણ અપાયો છે.

## ASIAN GAMES

ચીનમાં રમાઈ રહેલી હાંગઝોઉ એશિયન ગેમ્સમાં, ભારતે 21 સુવર્ણ, 33 રજત અને 38 કાંસ્ય સહિત કુલ 92 ચંદ્રકો મેળવ્યા છે.

આજે, તીરંદાજીમાં ભારતીય રિકર્વ મહિલા ટીમે બ્રોન્ઝ મેડલ પ્લેઓફ મેચમાં વિયેતનામને 6-2થી હરાવીને કાંસ્યચંદ્રક જીત્યો હતો. જ્યારે પુરૂષ ટીમે ફાઈનલમાં દક્ષિણ કોરિયા સામે રજતચંદ્રક મેળવ્યો હતો.

ભારતની મહિલા ટીમે સેપાક્ટાક્રોમાં કાંસ્યચંદ્રક મેળવ્યો હતો.

મહિલાઓની ફ્રી સ્ટાઇલ કુશ્તીમાં ભારતની સોનમે અને કિરણ બિશ્નોઈએ અલગ અલગ કિલોગ્રામની કેટેગરીમાં કાંસ્યચંદ્રક મેળવ્યાં હતા. .

બેડમિન્ટનમાં એચએસ પ્રણયને કાંસ્ય પદકથી સંતોષ માનવો પડ્યો હતો.

મેન્સ ક્રિકેટમાં, ભારતે સેમિફાઇનલમાં બાંગ્લાદેશને 9 વિકેટે હરાવ્યું અને ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું.

કબડ્ડીમાં ભારતની પુરુષ ટીમે પાકિસ્તાનને હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

તો બેડમિન્ટન સુપરસ્ટાર ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ મેન્સ ડબલ્સની સેમિફાઈનલમાં ભારતની કમાન સંભાળશે.

## Cricket

આઇસીસી એકદિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની આજે હૈદરાબાદમાં રમાઇ રહેલી બીજી મેચમાં પાકિસ્તાને નેધરલેન્ડને વિજય માટે 287 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

પાકિસ્તાને મહંમદ રીઝવાનના 68, તેમજ સૌઉદ શકીલના 68 રનની મદદથી નિર્ધારિત 50 ઓવરમાં 286 રન નોંધાવ્યા હતા. નેધરલેન્ડ વતી બસ ડી લીડે 4, કોલીને 2 અને આર્યન લોગાન અને પોલે દરેકે 1 – 1 વિકેટ ઝડપી છે.

## Piyush Goyal UAE Visit

કેન્દ્રિય વાણિજય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલે યુએઇની મુલાકાત દરમ્યાન વેપાર ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે ભારત અને યુએઇ વચ્ચે વેપારસંબંધો અને રોકાણોને વધારવાના મુદ્દાઓ પર ચર્ચા કરી. આ અંગે માહીતી આપતા એમ.આર. ગ્રુપના સીઇઓ શ્રી અમીત જૈને જણાવ્યું કે, આ બેઠકમાં વાઇબ્રન્ટ ગુજરાત વિશે તેમજ સાબરમતી અને કેવડિયામાં સંભવિત રોકાણો વિશે ચર્ચા થઇ.

ત્યારબાદ શ્રી ગોયલે શરાફ ગૃપનાં વાઇસ ચેરમેન શરાફુદ્દીન શરાફની સાથે લોજિસ્ટિકસ અને ઇન્ફ્રાસ્ટ્રકચરમાં શરાફ ગૃપનાં રોકાણ વિસ્તરણ અંગે બેઠક કરી. શ્રી શરાફે જણાવ્યું કે, અમે 25 વર્ષથી ભારતમાં લોજિસ્ટિકનો વેપાર કરી રહ્યા છીએ. ભારતમાં વધુ નવા વિસ્તરણ સાથે 25 કરોડ ડોલરનું રોકાણ કરવાની ઇચ્છા ધરાવીએ છીએ. શ્રી ગોયલની બે દિવસની મુલાકાત દરમ્યાન થનાર વિવિધ ઉચ્ચસ્તરીય વાટાઘાટોથી ભારત અને યુએઇની અર્થવ્યવસ્થામાં વિવિધ વેપાર વિસ્તરણની તકોનો માર્ગ મોકળો થશે.

## FISHERMEN-ARRESTED

સંસદસભ્ય અને MDMK નેતા વાઈકોએ 27મી ઓક્ટોબરે બ્રિટનના નૌકાદળ દ્વારા ધરપકડ કરાયેલા 32 ભારતીય માછીમારોને મુક્ત કરાવવા બ્રિટીશ સરકારને રજૂઆત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારોને અપીલ કરી છે.

શ્રી વાઇકોએ જણાવ્યું હતું કે નાગાપટ્ટિનમના માછીમારો હિંદ મહાસાગરમાં ઊંડા સમુદ્રમાં માછીમારી કરી રહ્યા હતા ત્યારે તેઓની ડિએગો ગાર્સિયા ટાપુ ખાતે આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઘૂસણખોરી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

બ્રિટિશ નૌકાદળે માછીમારોની ધરપકડ કરી હતી અને તેમની બોટ જપ્ત કરી હતી. ધરપકડ અંગે તેમના પરિવારજનોને તાજેતરમાં જાણ કરવામાં આવી હતી.

## SIKKIM-DISASTER

સિક્કિમના મુખ્યમંત્રી શ્રી પ્રેમ સિંહ તમાંગે પાક્યોંગ જિલ્લા હેઠળના રંગપોમાં આપત્તિગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. તેમણે નેપાળી ભવન, ગોલીતાર રાહત શિબિર, બરડાંગ, વિગેરે રાહત શિબિરમાં અસરગ્રસ્તોને મળી શક્ય તમામ સહાયની ખાતરી આપી. શ્રી તમંગે સિંગતમ નગરની મુલાકાત લીધી,જે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી એક છે. ત્યાં તેમણે ચાલી રહેલા રાહત અને પુનઃવસન ના કામની સમીક્ષા કરી. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારોને 4 લાખ રૂપિયાની સહાયની તેમજ રાહત શિબિરોમાં આશ્રય લઈ રહેલા લોકોને 2000 રૂપિયાની તાત્કાલિક રાહત આપવાની પણ જાહેરાત કરી હતી. તેમણે જિલ્લા વહીવટીતંત્રને વિસ્થાપિત પરિવારોના પુનર્વસન માટે તમામ શક્ય સહાયતા આપવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે બચાવ કામગીરી જડપથી ચાલી રહી છે અને રાહત ટીમો વિસ્થાપિત પરિવારોને વહેલામાં વહેલી તકે સામાન્ય સ્થિતિમાં લાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.